# અંતરશુદ્ધિનાં સોપાન

## *શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી*

## *ઉદ્ધરણ ૨૪*

સત્ત્વસંશુદ્ધિ શુદ્ધ કર્મોમાંથી વિકસે છે. કોઈપણ ફિલ્મ ''નિર્દોષ'' નથી હોતી. ''સાદા'' ભોજન જેવી કોઈ વસ્તુ નથી હોતી. દરેક વાત, ત્યાં સુધી કે સમાચાર પણ તમને ઊંડા સ્તર પર અસર કરે છે. શું તમે ઘણીવાર નથી અનુભવ્યું કે કોઈ સમાચાર સાંભળ્યાના કલાકો પછી પણ, જે ઘટના હોય તે પ્રમાણે તમે તેનાથી દુઃખી અથવા ઉત્સાહિત રહો છો? સમાચાર તો સમાચાર છે. સારા હોય કે ખરાબ, તે તમને અસર કરે છે. તમે તમારા કાનોમાં જે કંઈ પણ ભરો છો તે તમારી અંદર જ રહે છે.

બહુ ઓછાં લોકો છે જે આ બધી વાતો પર તરત જ કાર્ય કરીને તેને દૂર કરી શકે છે. બાહ્ય અસરને ગ્રહણ કરવા અથવા આત્મસાત્ કરવા અને તેના પર ખૂબ જ ઝડપથી કાર્ય કરવા માટે તમારે અત્યંત અનુશાસિત થવું પડશે જેથી કંઈ પણ તમારી અંદર ન રહે. જો તમે કાદવવાળા તળાવમાં નહાવાનો પ્રયત્ન કરશો તો તમારી સ્વચ્છ થવાને બદલે ગંદા થવાની સંભાવના વધુ છે. તમે એ કીચડમાં ડૂબી પણ શકો છો. એ જ રીતે જો તમે અવિચારી અશુદ્ધ કર્મ કરો, તો વહેલા કે મોડા તેના પરિણામોનો સામનો કરતાં કરતાં તમે તેમાં ડૂબી જશો.

*કાશ્મીર શૈવમતના એક મૂળભૂત ગ્રંથ, 'સ્પંદકારિકા'માં કહેવામાં આવ્યું છે :*

> *નિજાશુદ્ધ્યાંસમર્થસ્ય કર્તવ્યેષ્વભિલાષિણઃ ।*
> *યદા ક્ષોભઃ પ્રલીયેત તદા સ્યાત્પરમં પદમ્ ।।*

> એક વ્યક્તિ પોતાની અશુદ્ધિને કારણે અસમર્થ બની જાય છે અને કર્મોમાં આસક્ત થઈ જાય છે. (૧:૯)

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, અધ્યાય ૨, 'અસ્તિત્વની શુદ્ધિ'માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૨૨.